જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૧૨/૨૦૧૭ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૫૮૬/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૪૪ કેસ કરી, ૩૫ વ્યક્તિઓને ઝડપી, ૪૫૨ લીટર દેશી દારૂ, ૬૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૪૦૦ ક્વૉટર ઇંગ્લીશ દારૂ અને ૦૩ બીયરટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી, ૨૦ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૪૧,૦૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૫૮૭/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૮૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**છેતરપીંડી અને વિશ્વાસઘાત :- સમાચાર યાદી નં.૨૫૮૮/૧૭**

**ઘાટલોડીયા :** શાંતિદેવી વા/ઓ રાધેશ્યામ શર્મા (ઉ.વ.૮૪)(રહે,વાસુકાનન ટાવર, કે.કે.નગર રોડ, ઘાટલોડીયા) એ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/૧૨/૧૭ ના કલાક ૮/૧૫ વાગ્યાના સુમારે પોતાના ફ્લેટના ગેટ આગળ બે મોટર સાયકલ ઉપર આવેલ ચાર પુરૂષ (૪૦ થી ૪૫ વર્ષના આશરાના) ભેગામળી પોતાની ઓળખ પોલીસ તરીકેની આપી, શાંતિદેવીને વિશ્વાસમાં લઇ, તેઓએ પહેરેલ સોનાની ચાર તોલા વજનની બે બંગડીઓ કિંમત રૂપિયા ૬૦,૦૦૦/- મત્તાની કઢાવી લઇ નાસી જઇ, શાંતિદેવી સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી બાબુભાઇ રતાભાઇ ચલાવે છે.

**નારણપુરા :** મુક્તિબેન જગદીશભાઇ પરીખ (ઉ.વ.૭૨)(રહે,આકાશ-૩, ૧૩૨ ફુટ રીંગ રોડ જયમંગલ બી.આર.ટી.એસ બસ સ્ટેન્ડની સામે નારણપુરા) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/૧૨/૧૭ ના કલાક ૮/૪૫ વાગ્યાના સુમારે ભાવીન ચાર રસ્તા થી રત્નાગીરી ફ્લેટની વચ્ચેના ભાગે રોડ પર ત્રણ અજાણ્યા પુરૂષ (૩૦ થી ૩૫ વર્ષના આશરાના) ભેગામળી મુક્તિબેનને કહેલ કે "હુ કયારનો બુમો પાડુ છુ કેમ સાંભળતા નથી અહીયા કાલે દંગલ થયુ હતુ સોનાની બંગડીઓ પહેરી કયાં જાવ છો?" એમ કહી મુક્તિબેનને વિશ્વાસમાં લઇ, તેઓએ પહેરેલ સોનાની ૩૫ ગ્રામ વજનની બંગડીઓ કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- મત્તાની કઢાવી લઇ નાસી જઇ, મુક્તિબેન સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.કે.સુરતી ચલાવે છે.

**સેટેલાઇટ :** ઉમાબેન વા/ઓ દર્શનભાઈ દોશી(ઉ.વ.૬૦) (રહે,સુકોમલ સોસાયટી, અક્ષર જ્યોત ફ્લેટની સામે, રામદેવનગર ચાર રસ્તા, સેટેલાઈટ) એ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/૧૨/૧૭ ના કલાક ૧૦/૩૦ વાગ્યાના સુમારે રામદેવનગર ચાર રસ્તા આગળ સાર્થક ટાવર પાસે સુજલ ની આગળ રોડ ઉપર બે અજાણ્યા પુરૂષ ભેગામળી પોતાની ઓળખ પોલીસ તરીકેની આપી, ઉમાબેનને વિશ્વાસમાં લઇ, ચેકીંગ કરવાના બહાને ઉમાબેને પહેરેલ સોનાની ચાર બંગડીઓ કિંમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- અને સોનાનું મંગળસુત્ર કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- મત્તાનું કઢાવી લઇ નાસી જઇ, ઉમાબેન સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.કે.ગમારા ચલાવે છે.

**<u>ઘરફોડ ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૫૮૯/૧૭</u>**

**સોલા હાઇકોર્ટ :** કીર્તીભાઇ જગદીશચંદ્ર શાહ (રહે,દર્શન એપાર્ટમેન્ટ, નારણપુરા ટેલીફોન એક્ષ્ચેંજની સામે, નારણપુરા) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૧૨/૧૭ બપોરના ૨/૦૦ થી તા.૨૪/૧૨/૧૭ ના કલાક ૭/૦૦ વાગ્યા દરમ્યાન કીર્તીભાઇના ભાઇ હેમંતભાઇ ના સોલા, ચાણક્યપુરી સત્ય-૧ ખાતે આવેલ મકાન નંબર ડી/૧૦૪ ના મુખ્ય દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોના-ચાંદીના દાગીના તથા રોકડા રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૮૫,૦૦૦/-મતાની ચોરી કરી લઇ ગઇ છે.આ ગુનાની તપાસ પોસઇ.શ્રી એસ.આર.મેઘાણી ચલાવે છે.

**<u>ખુલ્લા મકાનમાંથી ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૫૯૦/૧૭</u>**

**ખોખરા :** ભરતભાઇ ગણેશભાઇ સોનવણે (રહે, વિશ્વાસપાર્ક સોસાયટી હાટકેશ્વર ડેપો પાછળ ભાઇપુરા રોડ ખોખરા) એ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૧૨/૧૭ રાતના ૮/૦૦ થી ૮/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના ખુલ્લા ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, ઘરમાંથી સોનાના દાગીના કુલ કિંમત રૂપિયા ૯૬,૦૦૦/- મતાના ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી સી.આર.સોલંકી ચલાવે છે.

**<u>ગાડીનો કાચ તોડી ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૫૯૧/૧૭</u>**

**વસ્ત્રાપુર :** ચીરવ અતુલ શાહ (ઉ.વ.૧૮)(રહે,ઇન્ડસ યુની રાચરડા બોયઝ હોસ્ટેલ રૂમ નં-૪૨૪ ગામ તા.દસકોઇ જી.અમદાવાદ) એ તા.૨૩/૧૨/૧૭ બપોરના ૧/૦૦ થી ૨/૩૦ સુધીના સમયગાળા દરમ્યાન બોડકદેવ નવા પશ્ચીમ ઝોનની કચેરી સામે રોડ ઉપર પાર્ક કરેલ પોતાની હોન્ડા સીટી કારની ડાબી બાજુનો પાછળનો કાચ તોડી, અજાણી વ્યક્તિ કારમાંથી બે લેપટોપ કુલ કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- તથા એપલ કંપનીનુ આઈપોડ કિંમત રૂપિયા ૨,૫૦૦/- તથા રોકડા રૂપીયા ૧૧,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩૩,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ અંગેની ફરીયાદ ચીરવ શાહે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી જયંતીલાલ મણીલાલ ચલાવે છે.

**<u>વાહન ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૫૯૨/૧૭</u>**

**ઓઢવ :** અરવિંદભાઇ મણીલાલ પટેલ (રહે,કૃષ્ણકુંજ સોસાયટી, વિભાગ-૨ મહેશ્વરીનગર ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૧૨/૧૭ સાંજના ૭/30 વાગ્યાના સુમારે પોતાના ઘર નજીક પોતાની મહીન્દ્રા કંપની ની બોલેરો જીપ નંબર.જીજે.૧૬.ઝેડ.૧૯૮૦ કિંમત રૂપિયા ૪,00,000/- પાર્ક કરી મુકી હતી. જેની ચોરી તા.૨૪/૧૨/૧૭ ના કલાક ૭/૪૫ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી એ.ડી.ભટ્ટ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.